કરચોરોને મોદીની મીઠી ઠકોર

રફ ઍન્ડ ટફ વ્યક્તિત્વ ધરાવતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી એક તરફ દેશના તમામ પ્રજાજનો સાથે કનેકટ થવા પ્રયાસરત રહે છે. એ જાણે છે કે લોકશઆહીમાં સત્તાનો છેલ્લો આદેશ જનતા જનાર્દનના હસ્તક જ રહેવાનો છે. પરંતુ બીજી તરફ એમને વહીવટ પણ કરવાનો છે, વિકાસ યોજનાઓ અમલી બનાવવાની છે. તેથી જેમ માતા વિશે કહેવાયું છે તેમ વિચક્ષણ વડાપ્રધાનની એક આંખમાં વહાલ વરસતું રહે છે અને બીજી આંખમાં રોષ છલકાય છે. એમને 'મન કી બાત' શરૂ કરી ત્યારે એનું આવું જ કંઈક સ્વરુપ નક્કી કરી લીધું હોવું જોઈએ. આકાશવાણીના આ સૌથી વધુ પ્રસારિત થતા કાર્યક્રમમાં મોદી પોતે જે કંઈ ફીલ કરે છે તે દેશના પ્રજાજનો સાથે શૅર કરતા રહે છે. એક સાથે અનેક મુદ્દા આવરી લેવાની તેમની ક્ષમતા દાદ માગી લે છે. છેલ્લે 'મન કી બાત' અન્વયે એમણે એક તરફ ઐતિહાસિક ઈમરજન્સીના કાળા દિવસો યાદ કર્યા, જે દરમિયાન તેઓ પોતે પણ છૂપા વેશે નાસતા ફરતા હતા અને જયપ્રકાશ નારાયણ સહિત અનેક વરિષ્ઠ રાષ્ટ્રીય નેતાઓથી લઈ ડૉ. વસંત પરીખ જેવા મોદીના જ વતનના પાયાના લોકનેતાઓને જેલમાં ધકેલી દેવાયા હતા. બીજી તરફ એમણે ત્રણ મહિલા પાઈલટોને હાર્દિક અભિનંદન આપ્યાં, જે મેટ્રો સિટીને બદલે વડોદરા કે બેગુસરાઈ જેવાં નાનાં

તંત્રીસ્થાનેથી...

શહેરોમાં ઊછરીને આવી આભ ઊંચી સિદ્ધિ મેળવી શકી છે. મોદીએ યોગના વિશ્વસ્તરે થયેલ સ્વીકારનો પણ ઉમળકાપૂર્વક ઉલ્લેખ કર્યો અને યોગ દ્વારા ભારતીય નાગરિકોને ભરડો લઈ રહેલ ડાયાબિટીસ જેવી બીમારીને ભગાડવાની નસીહત આપી. પરંતુ સૌથી મહત્ત્વની વાત કરી તે કરચોરો વિશે. આ કરચોરોમાં વિદેશી બેંકોમાં કાળું નાણું મૂકી આવનારાઓનો પણ સમાવેશ થઈ જાય છે. દેશની સવાસો કરોડની વસતીમાં ફક્ત સવા કરોડ ટેક્સ ભરે, તે હકીકત મોદીને કબૂલ નથી. ૩૦ સપ્ટેમ્બર સુધી દેશના કરચોરોને એમનાં કાળાં નાણાં જાહેર કરી દંડ સાથે ટેક્સ ભરી દેવાની છૂટ છે. તે પછી સરકાર એમના પર કડક પગલાં લેશે. ૩૦ સપ્ટેમ્બર પહેલાં ટેક્સ ભરીને દંડનીય કઠોર કાર્યવાહીમાંથી છૂટી જવા એમણે કરચોરોને ખુલ્લુ આહ્વાન જ આપ્યું છે. તમને કોઈ પૂછશે જે નહીં કે આ કાળું નાણું તમારી પાસે કયાંથી આવ્યું! એક રીતે વિદેશમાં મુકાયેલા કાળાં નાણાને પણ સફેદ કરી આપવાની આ ગર્ભિત ઑફર છે. સરકાર તેનું નાણાં ભંડોળ છલકાવી દેવા કૃતસંકલ્પ છે. એ માટેનું મોટું સ્ત્રોત આ કાળાં નાણાં છે. ૩૦ સપ્ટેમ્બરનું અલ્ટિમેટમ જેટલીએ અને ઈન્કમટેક્સ વિભાગે પણ આપી રાખેલું છે. હવે જયારે 'મન કી બાત' દ્વારા મોદી એના પર મહોર મારે છે અને એ પછી કડક પગલાં ભરવાની વાત કરે છે ત્યારે સ્વાભાવિક રીતે જ એ 'તેજીને ટકોર' બની રહે છે.

પૉંડીચેરી - પૂર્વનું ફ્રેન્ચ રિવેરા

વિચારયાત્રા
ડૉ. જય ઓઝા

મહાબલીપુરમથ ૮૫ કિ.મી અને ચેન્નાઈથી ૧૪૦ કિ.મી. દૂર પૉંડીચેરી જે હવે પુડુચ્ચેરી બની ચૂક્યું છે, તે આવેલ છે.

શાંતિ પ્રદાન કર્તા પુડુચ્ચેરી, પ્રાચીન અને અર્વાચીનનું અસાધારણ સંમિશ્રણ છે. 'ક્વિન્ટેસેન્સ' ઓફ ફ્રેન્ચ કલ્ચર' 'ઈન્ડયાઝ લિટલ ફ્રાન્સ' અને 'પૂર્વનું ફ્રેન્ચ રિવેરા' જેવા અનેક પરદેશી વિશેષણોથી નવાજવામાં આવ્યું છે.

કોરોમન્ડલ સાગરતટ પર વસેલું આ નગર લગભગ ૨૮૧ વર્ષ સુધી ફ્રેન્ચ સામ્રાજયનો હિસ્સો હતું. પૉંડીચેરીને

આજે પણ તેની ફ્રેન્ચ લાક્ષણિકતા જાળવી રાખી છે... તેના ભવ્ય ફ્રેન્ચ ડીઝાઈન્ક બિલ્ડીંગ, બંને બાજુ વૃક્ષોની હારમાળા વાળી પહોળી પગદંડીઓ, દુકાનોના અને મકાનોના નામ તેની જોડણીઓ, રસ્તાઓ અને સાર્વજનિક સ્થાનોનાં નામ વગેરેમાં હજી આ નગર ફ્રેન્ચ એસેન્સને જાળવીને બેઠું છે. અહીંયા લગભગ ૫૫ જેટલી ભાષા બોલાય છે. અહીં ભારતનો મહાન આધ્યાત્મિક અને સાંસ્કૃતિક વારસો તથા પ્રાકૃતિક સૌંદર્ય આ બંનેનો સમન્વય છે.

પાર્ક મોન્યુમેન્ટ - ગામની વચ્ચોવચ લીલોતરીથી ભરપૂર ગર્વનમેન્ટ પાર્ક પાસે ભવ્ય સફેદ, સ્મારક ઊડીને આંખે વળગે તેવું છે... ફ્રાન્સના સમ્રાટ નેપોલીયન ત્રીજાના શાસન દરમિયાન ૧૬મી સદીમાં ગ્રીક-રોમન સ્થાપત્ય શૈલીમાં ૧૬મી સદીની ગણિકા આથીની સ્મૃતિમાં તે બંધાવ્યું હતું.

સેરેનિટી બીચ - ૧.૫ કિ.મી. લાંબો મજાનો સુંદર બીચ, નાજુક નકશીદાર આઠ સ્તંભો વચ્ચે સ્થાપિત કરેલી મહાત્મા ગાંધીની પ્રતિભા અને સુંદર યુદ્ધ સ્મારકને કારણે પ્રભાવશાળી દેખાય છે.

ડુપ્લેક્સ સ્ટેચ્યુ - ફ્રાન્સ ગર્વનર ફ્રાન્કોઈસ ડુપ્લેક્સની પ્રતિભા તેના સફળ વહીવટના માનમાં પૉંડેચેરી ઉપરાંત ફ્રાંસમાં પણ ૧૮૭૦માં સ્થાપિત કરવામાં આવી હતી.

આ સ્ટેચ્યુની સામે જ દરિયાકિનારા પરની એક હોટલમાં અમે રોકાયા હતા... ખૂબ જ સુંદર જગ્યા છે... દરિયો જો કે તે સમયે ખૂબ તોફાની હતો... અને શ્રીલંકા તરફ વાવાઝોડું આવવાના કારણે પૉંડીચેરીમાં પણ વાતાવરણમાં પલટો હતો...

શ્રી મનકુલા વિનાયક ટેમ્પલ - ૧૮મી સદીનું આ પ્રખ્યાત ગણેશ મંદિર રાજભવનની બિલકુલ પાછળ આવેલું છે.

પરંતુ આ બધા ફરતા પણ પૉંડીચેરી જેને કારણે વિશ્વ વિખ્યાત છે - તે 'અરવિંદ - આશ્રમ' - શ્રી અરવિંદ તથા ફ્રેન્ચ ચિત્રકાર - શિલ્પી માતાજી (મીચ અલ્ફસ્સા) એ ૧૯૨૭માં સ્થાપિત કર્યો.

મરીન સ્ટ્રીન પર આવેલા મુખ્ય આશ્રમના મકાનમાં ફ્રેન્ઝીપાની વૃક્ષાની નીચે પુષ્પોના તોરણોથી સુશોભિત કરેલી બે સમાધિઓ છે. શ્રી અરવિંદની અને શ્રી માતાજીની સમાધિની ચોપાસ શાંત વાતાવરણ પ્રસરેલું રહે છે...

આ સ્થળની રમ્યતા અને ભવ્યતા શબ્દમાં વ્યક્ત કરી શકાય તેમ નથી... અદ્‌ભૂત... અવિસ્મરણીય... અવર્ણનીય... અચંબિત કરી દેતો વિશિષ્ટ અનુભવ થાય છે...

આશ્રમ વિશે, શ્રી અરવિંદ વિશે, શ્રી માતાજી વિશે કશું પણ ન જાણતો વ્યક્તિને પણ આશ્રમમાં પ્રવેશતા જ જે ચિર શાંતિનો અનુભવ થાય છે, તે અનુભવી જ શકાય...

શ્રી અરવિંદ અને શ્રી માતાજી દ્વારા પાવન થયેલી તે ભૂમિમાં પ્રવેશતા જ મન અને હૃદય ખિન્નતા રહિત અને હલકું બની જાય છે... સમાધિ પાસે બેસી અને આંખો બંધ કરીએ તો આપોઆપ અશ્રુની ધારા વહેવા લાગે છે...

આધ્યાત્મિક અને આત્મિક ઉન્નતિ માટે આવતા ભાવિકો અને ત્યાંના સ્વયંસેવકોની શિસ્ત જ આપણને ઘણું શીખવી જાય છે...

ઓરોવિલે - પુડુચ્ચેરીતી ૧૦ કિ.મી. દૂર આ સ્થળ આવેલ છે... આ સ્થળની ડિઝાઈન ફ્રેન્ચ સ્થપતિ રોજર એંગારે તૈયાર કરી હતી... શ્રી અરવિંદ અને શ્રી માતાજી આદર્શ આંતરરાષ્ટ્રીય સ્થળ પરગણું ઊભું કરવાનું વિચારતાં હતા અને આંતરરાષ્ટ્રીય રહેટાણ માટેના એક પ્રયોગ તરીકે આ પરગણાની કલ્પના વિકસી જેમાં ધર્મ, જાતિ, જાત, પાત, રાજકારણ અને રાષ્ટ્રીયતા એ બધાથી પર બધા માનવો શાંતિ અને પ્રગતિકારક સંવાદિતા સાથે રહે તે અભિપ્રેત હતું. આનું ઉદ્‌ઘાટન ૧૯૮૬ તરીકે આ પરગણાની કલ્પના વિકસી જેમાં ધર્મ, જાતિ, જાત, પાત, રાજકારણ અને રાષ્ટ્રીયતા એ બધાથી પણ બધા માનવો શઆંતિ અને પ્રગતિકારક સંવાદિતા સાથે રહે તે અભિપ્રેત હતું. આનું ઉદ્‌ઘાટન ૧૯૬૮ની ૨૮મી ફેબ્રુઆરીએ કરવામાં આવ્યું, ત્યારે ૧૨૮ દેશના અને ભારતના રાજયોના યુવાધને કમળ આકારના ઘડામાં તેમના વતનની માટીને માત્રી મંદિર પાસે મૂકી. માત્રી મંદરિ જે એવા નગરની રચનાનું પ્રતીક છે. જે માનવ એકતા અને આંતરરાષ્ટ્રીય સમને વરેલું છે.

ઓરોવિલેનું 'માત્રી મંદિર' આ આધ્યાત્મિક અને ભૌતિક કેન્દ્ર શ્રી માતાજીની માનવ એકતા અને સુસંવાદિતાનું પારખું છે. મોટા વિશાળ સોનેરી ઘન વર્તુળના સ્વરુપનું આ ધ્યાકર્ષક સ્મારક શાંતિથી ચિંતન, મનન, અને એકાગ્રતા કેળવવા માટેનું સ્થાન છે. તેમાં ૭૦ સે.મી. ના વ્યાસવાળો જર્મનીની ઝેઈશ કંપનીએ ઉત્પાદિત કરેલો નક્કર પાસો છે જે વિશ્વમાં સૌથી મોટો પાસો હોવાનું મનાય છે. છાપરામાં મૂકેલા ફરતા અરીસામાંથી સૂર્યના કિરણો પેલા નક્કર પાસાં પર ફેંકવામાં આવે છે...

ચિત્તાકર્ષક દૃશ્યોની હારમાળા સર્જતું પૉંડિચેરી આપણું મન મોહી લે છે... માત્ર બે જ દિવસનું રોકામ અહીં કરવું તે યોગ્ય નથી... તે વાતનો વસવસો કરતા કરતા અમે ભારે હૃદયે

પૉંડિચર છોડ્યું... શારીરિક રીતે ભલે પૉંડિચેરી આજે હજારો માઈલ દૂર હોય પરંતુ જાણે અત્યારે પણ શ્વાસમાં તેની જ સુવાસ ભળેલી અનુભવાય છે...

- jayuoza@gmail.com,
Mo. 9898046488

શ્રાવણ જલ બરસે સુંદર સરસે બાદલ બરસે અંબરસે

કવિ શ્રી નાનાલાલે રાજ્ય કવિ શ્રી પિંગળશીભાઈ પાતાભાઈ નરેલા (૧૮૫૬-૧૯૩૯)ના અવસાનના સમાચાર સાંભળીને પિંગળશીભાઈના પુત્ર શ્રી હરદાનભાઈને સાંત્વના આપવા માટે એક પત્ર લખ્યો. નાનાલાલ લખે છે કે " પિંગળશીભાઈના અવસાનથી ભાવનગરની કાવ્યકલગી ખરી પડી છે. ભાવનગર મહારાજાના મુગટમાંથી એક હીરો ખરી પડ્યો છે. ગુજરાતની જૂની કવિતાનો છેલ્લો સિતારો આજે આથમ્યો " આવા કવિશ્રીનો જન્મ ભાવનગર જિલ્લાના સિહોર ગામમાં થયેલો. તેમના પિતા શ્રી પાતાભાઈ નરેલા પણ ભાવનગર રાજયના સુપ્રસિધ્ધ કવિ હતા. શ્રી ચંદ્રવદન મહેતાએ લખ્યું છે કે ભક્તિનો જે દોર નરસિંહ, મીરાં, ભોજલરામ ધીરા તથા દયારામની રચનાઓમાં વણાયેલો હતો એજ દોરમાં પરોવાયેલા હોય તેવા કાવ્યો પિંગળશીભાઈના છે. ઉપરાંત તેઓ પોતાની વાણીના અસ્ખલિત પ્રવાહથી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરતા હતા તેનું સંભારણું પણ સ્વાનુભવેજ ચંદ્રવદન મહેતાએ લખેલું છે. પિંગળશીભાઈની કવિતાઓ શબ્દાડંબર વાળી નહિ પરંતુ મહદ અંશે સરળ ભાષામાં લખાયેલી હતી. કાવ્યની સરળતા તથા વિષય વૈવિધ્યતાને કારણે તેમની ઘણી રચનાઓ લોકપ્રિય થઈ છે. આવી રચનાઓ પાઠ્ય પુસ્તકોના માધ્યમથી આવતી પેઢી સુધી પહોંચી છે.

ગજબ હાથે ગુજારીને પછી કાશી ગયાથી શું ?
મળી દુનિયામાં બદનામી પછી નાસી ગયાથી શું ?
દુ:ખી વખતે નહિ દીધું પછી ખોટી દયાથી શું ?
સુકાયા મોલ સૃષ્ટિના પછી વૃષ્ટિ થયાથી શું ?
વિચાર્યું નહિ લઘુવયમાં પછી વિદ્યા ભણ્યાથી શું ?
જગતમાં કોઈ નવજાણે જનેતાના જણ્યાથી શું ?
સમય પર લાભ આપ્યો નહિ પછી તે ચાકરીથી શું ?
મળ્યું નહિ દૂધ મહિષીનું, પછી બાંધી બાકરીથી શું ?
ના ખાધું કે ન ખવડાવ્યું દુ:ખી થઈને રળ્યાથી શું ?
કવિ પિંગળ કહે પૈસા મુઆ વખતે મળ્યાથી શું ?

કવિ ખૂબ સરળ છતાં માર્મિક રીતે યોગ્ય સમયે કે સમયસર નિર્ણય કરવામાંજ માનવજીવનની યથાર્થતા છે તે તરફ ધ્યાન દોરે છે. ગંગાસતી પાનબાઈને કહે છે તેમ વીજળીના ચમકારે મોતી પરોવી લેવાની સલાહ કવિશ્રીએ દાખલા - દલીલ સાથે આપી છે. જો સમય ચૂકી જવાય તો કરેલા કાર્યનું મૂલ્ય કે મહત્વ રહેતું નથી. જીવતર જીવવામાં જો સહાનુભૂતિ કે સંવેદનાને બદલે સંઘર્ષ કે પરપિડન વૃત્તિને તાબે થઈને જીવન વ્યતિત કર્યું હોય તો પછી કાશીની યાત્રા કરવી નિરર્થક છે. મધ્યયુગના કવિઓની જેમ કવિ પિંગળશીભાઈએ કથની નહિ પરંતુ કરણી ઉપર વિશેષ ભાર મૂક્યો છે. કવિનો પોતાનો આવકાર પણ ખૂબ ઉજળો હતો. મેઘાણીભાઈએ લખ્યું છે તેમ ભાવનગરની ડેલી (કવિનું રહેવાનું મકાન) કદી સુની જોવા મળતી ન હતી. કવિ હમેશા મહેમાનોની વચ્ચેજ જીવતા હતા, શોભતા હતા. સમાજ દ્વારા કવિને તેમના કાવ્ય સર્જન ઉપરાંત એક ઉદાર તથા સાધુ ચરિત માનવી તરીકે સ્નેહ તથા આદરથી નવાજવામાં આવતા હતા. જો સમાજને ખપમાં ન આવે તેવું સ્વકેન્દ્રી જીવન જીવાય તો પછી જનેતાએ જન્મ આપ્યો તે સાર્થક થતું નથી. તે સાથેજ કવિને લાગે છે કે પરોપકારનું કોઈપણ કૃત્ય તેની જરૂર હોય તે સમયેજ કરવામાં આવે તો હેતુસચવાયછે. એકવાર ખેતરોમાં મોલ (પાક) સુકાઈ જાય તો પછી અતિવૃષ્ટિ થાય તો પણ તેનો અર્થ સરતો નથી. સૃષ્ટિના ક્રમ અનુસાર ઋતુ પ્રમાણે મેઘસવારી આવે તોજ તે પૂર્ણતઃ ઉપયોગી છે. દરેક બાબતને પોતાના નિશ્ચિત ક્રમ હોય છે અને તેથી તે ક્રમ અનુસારજ સૃષ્ટિનું ચક્ર ચાલે તો સૌનું શ્રેય છે, કલ્યાણ છે. જીવન જીવાય તે " ઘસાઈને ઉજળા થવાની " રવિશંકર મહારાજની કલ્પના મુજબનું ઉજળું હોય તથા કોઈ નાલેશીયુક્ત ન હોય તેની કવિને ખેવાના છે. એકવાર જો બદનામી કે નાલેશી થાય તો પછી દૂર જવાથી કે નાસી જવાથી પ્રતિષ્ઠા સાચવી શકાતી નથી. કવિએ ઉજળા જીવતર તેમજ સમયના મહત્વની વાત સહેલાઈથી

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

ગળે ઉતરે તેવા દ્રષ્ટાંતો આપીને આ કાવ્યમાં કરી છે. કવિની આ એક લોકપ્રિય રચનાઓ પૈકીની રચના છે અને આપણાં પાઠ્ય પુસ્તકોમાં પણ તેને સમાવી લેવામાં આવી છે.

મધ્યયુગની આપણી સંતવાણીમાં કરણીના તત્ત્વ ઉપરજ વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. આ બધા કવિઓ - સર્જકોના જેવા ઉજળા શીલ હતા તેવીજ પ્રભાવી તેમની શૈલી હતી. કથની અને કરણીમાં અંતર ન હતું. "શિર સાટે નટવરને ભજીએ" તેવી ખુમારી તેમની રચનાઓમાંથી નિતરતી રહેતી હતી. જીવન પણ તેઓ આવીજ ખુમારીથી જીવતા હતા. આથીજ તેમનો પ્રભાવ આજે પણ આકર્ષક તથા અકબંધ રહેવા પામ્યો છે. કવિ શ્રી પિંગળશીભાઈ રચિત રળિયામણી ઋતુ-કાવ્યોમાં પણ એક અનોખી છટાનું દર્શન થાય છે. વર્ષાઋતુમાં પણ શ્રાવણ માસ હોય તો તે રમણિય માહોલમાં કવિ ગિરધારી ગોપાલને લાગણીના હક્કથી નિમંત્રણ પાઠવે છે. વર્ષાકાળમાં ગોપીભાવની મધુર અભિવ્યક્તિ સાથેના ત્રિભંગી છંદના બંધારણમાં કવિની આ જાણીતી રચના છે. અષાઢ-શ્રાવણમાં મેઘરાજાના આગમન સમયે કવિશ્રીની આ રચના અનેક લોકોની સ્મૃતિમાં આવ્યા કરે છે.

શ્રાવન જલ બરસે, સુંદર સરસે,
બદ્દલ બરસે અંબરસે
તરૂવર ગિરિવરસેં લતા લહરસે
નદિયા પરસે સાગરસે
દંપતી દુ:ખ દરસે સેજ સમરસે
લગત જહરસે દુ:ખકારી
કહે રાધે પ્યારી, હું બલિહારી
ગોકુળ આવો ગિરધારી !

કવિ પિંગળશીભાઈને શ્રધ્ધાંજલિ આપતા શ્રી ઝવેરચંદ મેઘાણીએ લખ્યું હતું કે કવિ 'સર્જનશક્તિનો પુંજ' હતા. આઠ દાયકાથી પણ વિશેષ જીવનમાં કવિ પિંગળશીભાઈએ સાહિત્યમાં કદી વિસ્મૃત ન થાય તેવું પ્રદાન કરેલું છે. કવિ પિંગળશીભાઈના કંઠ અને કહેણી બાબતમાં કવિ શ્રી કાગ કહેતા કે પિંગળશીભાઈ જેવી કહેણીની કરામત ભાગ્યેજ જોવા મળે. શ્રોતાસમૂહને કવિની કહેણીના પ્રભાવમાં રસતરબોળ થતો અનેક સમકાલિન સાહિત્યકારોએ જોયેલો છે. મહાકવિ નાનાલાલે કવિ પિંગળશીભાઈને ભાવનગર મહારાજાના મુગટના એક અમૂલ્ય હીરા તરીકે ઓળખાવ્યા છે તે યથાર્થ છે.

'ઘટમાં ઘોડા થનગનૈ...' પંક્તિનું સ્મરણ થાય એવી ઉર્જા - તાકાત - સાહસ - વિચારો અને તેનું ત્વરિત અમલીકરણ કરવાની શક્તિ યુવાનોમાં છે

"અંકલ હવે તો મને નવી જિંદગી મળી છે, માત્ર ને માત્ર આનંદથી - આશીર્વાદથી ને શુભત્વથી એને ભરી દેવી છે." દિશાએ એના પપ્પાના મિત્ર મણીલાલ રાજપુતને કહ્યું.

મૂળ ઉત્તર ગુજરાતના વતની મહેશ જોષી અને તેમના પત્ની નીતા જોષીને સંતાનોમાં ત્રણ દીકરીઓ. દિશા સહુથી મોટી. ત્રણેને ખુબ પ્રેમ આપ્યો. ઉચ્ચ અભ્યાસ કરાવ્યો અને સંસ્કાર આપ્યા. અમદાવાદના વસ્ત્રાપુર વિસ્તારમાં રહેતા આ સુખી પરિવાર પર એકાએક દુ:ખનો પહાડ તુટી પડ્યો. દિશાએ બીબીએ કર્યું હતું અને એ પ્રાઈવેટ કંપનીમાં ટ્રેનિંગ મેનેજર છે એટલે એને નોકરીના ભાગરુપે પ્રવાસનું પ્રમાણ વધુ રહેતું હતું. આવા જ એક કામે એ હિંમતનગર જઈ રહી હતી. રસ્તામાં એના વાહનને અકસ્માત થયો. ડૉકટરોની અદ્યતન સારવાર અને અધદ... પૈસાનો ખર્ચ શરુ થયા. એ પછી પણ માતા-પિતા તથા સ્વજનોને પળ પળ એ જ ચિંતા સતાવતી હતી કે આ દીકરી બચશે કે કેમ? અને જો બચશે તો સંપૂર્ણપણે પહેલા હતી એમ જ કે પછી? સવાલો બહુ હતા, જવાબો ડૉકટરો પાસે પણ ન હતા. વધતા જતા ખર્ચને પહોંચી વળવા એક તબક્કે મહેશભાઈએ મકાન વેચવાનું વિચાર્યું તો મિત્રો લાગણી સાથે જ નહિ, આર્થિક મદદ સાથે આવ્યા અને આવું કરવાની ના પાડી. આખરે લાંબો સમય 'કોમા'માં રહેલી દિશાએ આંખો ખોલી અને નવા જીવનની દિશામાં એણે પગ માંડ્યા. ફરીએ દોડતી થઈ પરંતુ જીવનની સમજણ સાથે... એણે એના પપ્પાના મિત્ર મણીલાલને લેખના આરંભે લખેલું ને વાક્ય કહ્યું... "આજકાલ વીક એન્ડમાં તું શું કરે છે?" મણીલાલે પુછ્યું તો દિશાએ એની વાત માંડીને કહી.

અજવાળું - અજવાળું
તુષાર જોશી

થયું એળું કે વસ્ત્રાપુરમાં એના પડોશમાં એક રાજસ્થાની યુવક રહે. એકવાર દિશાના મમ્મીને એરપોર્ટ જવાનું હતું. પારિવારિક પરિચયના નાતે એ મુકવા ગયો. નામ રાજુસિંહ રાજપુરોહિત, ગામ વરકાણા, જિલ્લો પાલી... વડોદરામાં ફાયર એન્ડ સેફ્ટી એન્જીનીયરીંગનો કોર્સ કર્યો. એલ એન્ડ ટી.માં કામ કર્યું. વડોદરાથી ટ્રાન્સફર થતાં એ અમદાવાદ આવ્યો. પેઈંગ ગેસ્ટ તરીકે રહેતો હતો.

એકવાર એના વતન ગયો હતો. બાળપણનો મિત્ર અરૂણ રાઠોડ મળ્યો. ખુબ વાતો કરી, એમાં અમેરિકાના **Meet up Group** વિશે પણ વાતો થઈ જેમાં એક સમાન શોખના લોકો વીક એન્ડમાં એકઠા થાય છે અને સ્વાન્ત: સુખાય પ્રવૃત્તિઓ કરે છે.

આ બંને યુવાનોને થયું કે હજુ આજે પણ આપણા ગામમાં અને ગામની આસપાસના બીજા ગામોમાં મોટી સંખ્યામાં ગરીબ લોકો રહે છે. એમનું આર્થિક શોષણ પણ જોવા મળે છે. આવા લોકોને બદલાતા વિશ્વનું જ્ઞાન આપીએ - એમનો રોજગારી મળે એવું કાંઈ કરીએ તો?

અને આ બંનેએ લાંબી વિચારણા પછી વિલેજ ટુરિઝમને વિકસાવવાનું નક્કી કર્યું. અમદાવાદ આવ્યા બાદ આ ક્ષેત્રે જેમને રસ હોય એવા મિત્રો શોધ્યા, વ્હોટ્સ એપ પર વીકેન્ડર ગ્રુપ બનાવ્યું. એપ્રિલ ૨૦૧૫થી શરૂ થયેલી પ્રવૃત્તિમાં પિનાકીન - કિશન જેવા મિત્રો હતા. રાજુસિંહે આ બધી વાત એરપોર્ટ જતા નીતાબેનને કહી - એમણે ઘરે આવીન દિશાને કહી... અને હવે દિશા આ ગ્રુપમાં જોડાઈ છે.

ગામડાના લોકોને રાજસ્થાન જઈને તેમણે સમજાવ્યા... તેમને જગ્યા ભાડા પર અપાવી - મહેમાનોનું આતિથ્ય સમજાવ્યું - ટુરિઝમ ક્ષેત્રની થોડીક તાલીમ આપી - ટ્રાયબલ પરિવારના મનોજ જેવા કેટલાય યુવાનો તૈયાર કર્યા.

આજે સ્થિતિ એવી છે કે કુંભલગઢ જેવા સ્થાનો પર દિશા અને રાજુસિંહ વ્યાવસાયિક ધોરણે નહિ, માત્ર નિજાનંદ માટે ગ્રુપને લઈને જાય છે - સ્થાનિક યુવાનો એમની આગતા-સ્વાગતા કરે છે - રહેવા - જમવાની - વ્યવ્સથા કરે છે - સલામતી આપે છે. સાચવે છે પરિણામે શહેરના લોકોને ઓછા પૈસે વિલેજ ટુરિઝમનો નોખો - રોમાંચક અનુભવ મળે છે અને સ્થાનિક લોકોને નિયમિતરુપે વધારાની આવક પણ મળી રહે છે. વધુ ને વધુ યુવાનો તૈયાર થતા જાય છે, ગામડામાં શિક્ષણ વધતું જાય છે - જીવન ધોરણ સુધરતું જાય છે. ગરીબ બાળકો ભણતા થયા છે અને યુવાનો બે પૈસા રળતા થયા છે, મહિલાઓ પણ શહેરના લોકો અને વિદેશના લોકોના સંપર્કમાં આવવાથી સારા એવા પ્રમાણમાં સુખ-સુવિધાપૂર્ણ જીવન માણતી થઈ છે.

અમદાવાદમાં હેરિટેજ વૉકની પ્રવૃત્તિમાં પણ આ મિત્રો સામેલ છે. દર મહિને હેરિટેજ વૉક માટે અતિશિઓને લઈ જાય છે. અમદાવાદના આંબાવાડી વિસ્તારની સરકારી શાળાના વિદ્યાર્થીઓને પણ તેઓ વિશેષ માહિતી આપવાનાં છે અને ત્યાં બાળખો માટેની નવી પ્રવૃત્તિ વિકસાવવાના છે. ગુજરાત અને રાજસ્થાનના લોકસંગીતને પણ શ્રોતાઓ સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવો છે. નવા નવા મિત્રો જોડાઈ રહ્યા છે અને પોતાની પાસે જે ક્ષમતા છે એનો પ્રસાર કરી રહ્યા છે અને સરવાળે દિશા કહે છે એમ પોતાની જિંદગીમાં વધુ ને વધુ આનંદનો ઉમેરો કરી રહ્યા છે.

આજના યુવાનો દિશાહીન બની રહ્યા છે એવી વાતો - અનુભવો અને એવલોકનો થતા રહ્યા છે એની સામે દિશા અને રાજુસિંહ જેવા યુવાનો પણ છે જે આજના જમાનામાં પણ બીજાને રાજી રાખીને બીજાના સુખ-સુવિધામાં વધારો કરીને પોતે રાજી થઈ રહ્યા છે.

એમની પ્રવૃત્તિમાં બધાં જ યુવાનો નોકરી-સ્વરોજગાર કરે છે એટલે વીક એન્ડનો તેઓ આ પ્રકારે કામ કરીને પોઝીટીવીટીનો જાણે પ્રસાર કરી રહ્યા છે.

"ઘટમાં ઘોડા થનગનૈ..." પંક્તિનું સ્મરણ થાય એવી ઉર્જા - તાકાત - સાહસ - વિચારો અને તેનું ત્વરિત અમલીકરણ કરવાની શક્તિ યુવાનોમાં છે. જરુર છે એક પળે એમની ચેતનામાં એક ઝબકારો થવાની... અને જે ક્ષણે એમને અમણોલ એવી આ જિંદગીનો મર્મ સમજાઈ જાય છે અને પછી તેઓ પરહિતના - પરોપકારના કાર્યોમાં જોડાઈ જાય છે.

મારીને તમારી આસપાસ આજે પણ એવા કેટલાયે યુવાનો હશે જેઓ આ પ્રકારે સમાજસેવાના સ્વરોજગારના - પરોપકારના કાર્યોમાં જોડાયેલા હશે. આવા યુવાનોને પ્રોત્સાહન - પ્રેરણા અને પ્રેમ આપીએ તો એમની પ્રવૃત્તિઓ વધુ પાંગરે છે અને વધુ પમરાટ ફેલાવે છે.

જે ક્ષણે જિંદગી શું છે? તે પ્રશ્નનો જવાબ મળી જાય છે એ જ ક્ષણથી માણસ પોતાની જિંદગીમાં વર્ષો નહિ, વર્ષોમાં જિંદગી ઉમેરતો થઈ જાય છે. બીજાને રાજી રાખીને જીવવાની કલા એને માટે સહજ થઈ જાય છે.

વીજળીના ચમકારે મોતી પરોવવા જેવી ઘટનાઓ આપણી આસપાસ બને ત્યારે મોતી પરોવી લેનારા-પરોપકાર માટે સમય આપનારા થકી અજવાળા રેલાય છે.

તેજપુંજ :
જિંદગીના રસને પીવામાં
કરો જલ્દી મરીઝ
એક તો ઓછી મદીરા છે
ને એમાં ગળતું જામ છે

- મરીઝ